ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૯ ટકા

# આજથી આસો મહિનાના પર્વોનો પ્રારંભ

## ગુજરાતી પંચાગ મુજબ ૨૬મી ઓક્ટોબરથી કારતક મહિના સાથે જ નવું વર્ષ શરૂ થઈ જશે







ગાંધીનગર, તા.૯

તા.૯ ઓક્ટોબરે આસો મહિનાનું સુદ પક્ષ પૂર્ણ થશે અને વદ પક્ષ શરૂ થશે. આસો મહિનાનું વદ પક્ષ તા.૨૫ ઓક્ટોબર સુધી રહેશે. આ દિવસો દરમિયાન કરવા ચોથ અને પંચ દિવસીય દીપોત્સવ શરૂ થશે. તે બાદ તા.૨૬ ઓક્ટોબરથી ગુજરાતી પંચાગ પ્રમાણે કારતક મહિના સાથે નવું વર્ષ શરૂ થઈ જશે. કારતક મહિનાના સુદ પક્ષમાં ગોવર્ધન પુજા, ભાઈબીજ અને દેવઉઠી એકાદશી જેવા ઉત્સવ ઉજવાશે.

● તા.૧૩મી ઓક્ટોબર ગુરૂવારે આસો મહિનાના વદ પક્ષની ચોથ તિથિ છે જેને કરવા ચોથ કહેવામાં આવે છે. પરિણીત મહિલાઓ માટે આ તિથિનું મહત્વ છે. આ દિવસે મહિલાઓ પોતાના જીવનસાથી માટે નિર્જળા વ્રત રાખે છે અને સાંજે ચંદ્ર દર્શન પછી વ્રત ખોલે છે.

● તા.૧૮મી ઓક્ટોબર: મંગળવારે પુષ્ય નક્ષત્ર છે આ તિથિએ નવી વસ્તુ ખરીદવાનું ખાસ મહત્વ છે. આ દિવસે સોનાચાંદી, વાહન, સુખ સુવિધાની વસ્તુઓ ખરીદી શકાય છે.

● તા.૨૧મી ઓક્ટોબર : શુક્રવારે રમા એકાદશી છે આ દિવસે ભગવાન વિષ્ણુનુ વ્રત રાખવામાં આવશે. સાંજે વિષ્ણુજી, મહાલક્ષ્મી અને તુલસીની પૂજા કરવી.

● તા.૨૨મી ઓક્ટોબર : શનિવારથી પંચ દિવસીય દિપોત્સવી શરૂ થઈ રહયો છે. આ દિવસે ધનતેરશ ઉજવવામાં આવશે. આ દિવસે સુર્યાસ્ત બાદ યમરાજા માટે દીવા પ્રગટાવો, સાંજે ધનની દેવી મહાલક્ષ્મીની પૂજા કરવી.

● તા.૨૩મી ઓક્ટોબર : રવિવારે કાળી ચૌદશ છે. આ દિવસે સુર્યાસ્ત પહેલા જાગવું, ઉબટન લગાવીને તીર્થ સ્નાન કરવાનું ખુબ જ મહત્વ છે. માન્યતા છે કે આવુ કરવાથી બીમારીઓ દુર થાય છે અને ઉંમર મળે છે.

● તા.૨૪ ઓક્ટોબર : સોમવારે કારતક મહિનાની અમાસ અને દિવાળી છે. આ દિવસે સુર્યાસ્ત પછી દેવી લક્ષ્મીની ખાસ પૂજા કરો. ઘર-ફળીયામાં દીવો પ્રગટાવવો. લક્ષ્મી વિષ્ણુનો દક્ષિણાવર્તી શંખથી અભિષેક કરવો.

● તા.૨૫ ઓક્ટોબર : મંગળવારે સુર્યગ્રહણ થશે. દિવસે મંદિર ખુલશે નહીં અને પુજાપાઠ કે અનુષ્ઠાન કરવામાં આવશે નહીં.

● તા.૨૬મી ઓક્ટોબર : બુધવારે ગોવર્ધન પૂજા છે. આ દિવસે ગોવર્ધન પર્વતની પૂજા કરવાની પરંપરા છે. આ પર્વ મથુરા અને વૃંદાવન સહિત વ્રજના અનેક વિસ્તારમાં ઉજવવામાં આવે છે.

● તા.૨૭મી ઓક્ટોબર : ગુરૂવારે ભાઈબીજ ઉજવવામાં આવશે. માન્યતા છે કે આ તિથિએ યમરાજ પોતાની બહેન યમુનાજીને મળવા તેમના ઘરે આવે છે. આ દિવસે યમરાજ અને યમુનાજીની ખાસ પુજા કરવી જોઈએ.

● તા. ૨૯મી ઓક્ટોબર : શનિવારે લાભ પાંચમ વ્રત કરવામાં આવશે. દિવાળી પછી આ દિવસે ફરીથી માતા લક્ષ્મીની પૂજા અને વ્રત કરવામાં આવે છે.

● તા.૩૦મી ઓક્ટોબર : રવિવારે છઠ્ઠ પૂજા છે. આ દિવસે સુર્યને અર્ધ્ય આપવામાં આવે છે અને ખાસ પૂજા પણ કરવામાં આવશે.

● તા.૨ જી નવેમ્બર : બુધવારે અક્ષય નવમી એટલે કે આંબળા નોમ છે. આ દિવસે આંબળાના ઝાડની પૂજા કરવાની પરંપરા છે.

● તા. ૪ નવેમ્બર : શુક્રવારે દેવઉઠી એકાદશી છે. આ દિવસે તુલસીના લગ્ન શાલીગ્રામજી સાથે કરાવવામાં આવે છે.

● તા.૫ નવેમ્બર : શનિવારે ચાર્તુમાસ પૂર્ણ થશે. આ દિવસે પ્રદોષ વ્રત પણ છે.

● તા.૭ નવેમ્બર : સોમવારે વૈકુંઠ ચૌદશ છે.

● તા.૮ નવેમ્બર : મંગળવારે કારતક મહિનાની પૂનમ છે. ભગવાન સત્યનારાયણની કથા કરવાની પરંપરા છે.

## જન્મદિને વધામણી



**ડો. પિયુષ દવે**
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૬૨૪૦ ૦૪૩૮૦




**વ્યાસ પ્રાન્સુ પી.**



**પ્રભુદાસ ડી. પંડિત**
કલાકાર અને કવિ
મો. ૯૪૨૭૫ ૫૧૩૨૭



**ફલક હિંગુ**



**વરુણ એન જોશી**
મો. ૯૯૯૮૮ ૧૧૪૨૪



**માહી પ્રકાશચંદ્ર સાંગલેકર**
મો. ૯૬૦૧૧ ૮૯૬૩૫



**ઝમીર ઉપાધ્યાય**
મો. ૯૯૨૪૫ ૬૯૩૧૧



**ગાયત્રીબેન જોષી**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**અક્ષય લાલજીભાઈ ચાવડા**



**પંડ્યા મયુરી અંકિત**



**સ્નેહ**

## રેવા ગ્રામમાં પુસ્તક પરબ અને ગોષ્ઠિ યોજાઈ






ગાંધીનગર, તા.૦૯

ઑક્ટોબર મહિનાની પુસ્તક પરબ ગાંધી જયંતીના દિવસે યોજાઈ હતી. અન્ય પુસ્તકો સાથે ગાંધીજી લિખિત અને ગાંધીજી વિષયક પુસ્તકો પણ એ દિવસે ઉપલબ્ધ કરવામાં આવ્યાં હતાં. બલરામ મંદિર પરિસરમાં યોજાયેલ આ પરબમાં કુલ મળીને ૫૮૬ પુસ્તકો અને સામયિકોનું આદાનપ્રદાન થયું હતું. મોટી સંખ્યામાં વાચનપ્રેમી ભાવકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. પુસ્તક પરબ ટીમના મિત્રોએ સારી જહેમત ઉઠાવી હતી. ગાંધી જયંતી નિમિત્તે માણસા તાલુકાના મકાખડમાં રેવા ગ્રામ ખાતે ગાંધીવિચાર ગોષ્ઠિ યોજાઈ હતી જેમાં ગાંધીનગર અને માણસાથી આવેલા મિત્રોએ "હિંદ સ્વરાજ" અને "આંસુ લૂછવા જાઉં છું" પુસ્તકોમાંથી વાચન કરી, ચર્ચા કરી પૂ.બાપુને સ્મરણ વંદન કર્યા હતા.



કેશવપાર્ક સોસાયટીમાં રહીશો દ્વારા રવિવારે સમૂહમાં ગાયત્રી યજ્ઞનો આયોજન કરવામાં આવ્યું અને તમામ રહીશોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને માતાજીનો યજ્ઞ કરવામાં આવ્યો હતો.



તા. ૭ અને ૮મી ના રોજ વાઈલ્ડ લાઈફ વી ૨૦૨૨ના ભાગરૂપે ગીર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી તેમજ વાઈલ્ડ લાઈફ નેચર વિશે એક સેમિનારનું આયોજન હિંગોલગઢ સેન્ચ્યુરી ખાતે રાખવામાં આવેલ હતુ. ગુજરાતના ત્રણ જીલ્લા હતા જેમાં ગાંધીનગરના નેચર પ્રેમીઓ તેમજ પ્રોફેશનલ ફોટોગ્રાફર ઓફ ગાંધીનગરના ફોટોગ્રાફરોએ ભાગ લીધો હતો.

## એસ.કે.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે પ્લેસમેન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગરના સે.૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ - એમબીએ વિભાગમાં પ્લેસમેન્ટ ૨૦૨૨-૨૩ની શરૂઆત કરવામાં આવી છે આ અંતર્ગત સંસ્થા દ્વારા અનેક જાણીતી અને પ્રભાવશાળી કંપનીઓ સાથે કેમ્પસ ડ્રાઈવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે સંસ્થાના ડીન ડો. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડીનેટર ડો.કૃપા મહેતાના પ્રયાસો સાથે સંસ્થાની ફેકલ્ટીઝ ટીમ દ્વારા વિદ્યાર્થીઓને તેમના વ્યવસાયિક અભ્યાસક્રમોની ઉદ્યોગની સુસંગતતાએ મોટા કોર્પોરેટ હાઉસ સાથે કામ કરવાની તક પ્રાપ્ત થઈ રહી છે. તેમના આ પ્રયાસો માટે કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલે બિરદાવ્યાં હતા.

## ચિલોડા વિસ્તારમાં પાછોતરા વરસાદે ખેડૂતોની હાલત કફોડી કરી નાંખી

### મગફળી, ડાંગર અને કપાસના પાકને નુકશાનથી ખેડૂતો ચિંતાગ્રસ્ત બન્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં ચાલુ સાલે ખરીફ પાકથી ખેતરોમાં રોકન કાંઈ જુદી હતી. ખેડૂતોના હૈયો મહામુલો પાક સારો થતાં હર્ષઘેલા બન્યા હતા. ત્યારે નવરાત્રી બાદ અવકાશી વરસાદી ખોરંભાયેલા વાદળોએ આકાશી આફતરૂપે મેઘરાજાના આગમનથી ખેડૂતોમાં ભારે ચિંતા સર્જી હતી. ત્યારે વરસાદી ભારે ઝાપટાંથી મગફળી, ડાંગર અને કપાસના પાકને નુકશાન થવાના સંકેતોથી મગફળી જમીન બહાર કાઢેલી તેની હાલત ખરાબ થઈ ગઈ અને જમીનમાં રહેલી મગફળી ઉગી જવાનો ડર સતાવી રહયો છે. ખમૈયા કરો મેઘરાજા તેવી પ્રાર્થના ખેડૂતો કરી રહયા છે.

## પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત કાપડની થેલીનું વિતરણ




ગાંધીનગર, તા.૯

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક , પેથાપુર શાખાનાં મેનેજર તથા ગાંધીનગર ખાતે સર્પ બચાવ / પક્ષી બચાવ - સંરક્ષણ નો નિશુલ્ક સેવાયજ્ઞ ચલાવતાં પર્યાવરણ પ્રેમી પ્રદીપ સોલંકી દ્વારા પેથાપુર કન્યા શાળા નંબર ૨ ની વિદ્યાર્થીનીઓ તથા શાળાનાં સમગ્ર શિક્ષક પરિવારને પ્લાષ્ટિક મુક્ત રાષ્ટ્ર અભિયાન અંતર્ગત કાપડની થેલીનું નિશુલ્ક વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાનાં આચાર્ય શ્રી જીગરભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ચૌહાણ દિપસિંહ રૂમાલસિંહ ઉ.વ.૪૭, બારડોલી, દહેગામ
- સ્વ.મેસરીયા વિનુભાઈ રામજીભાઈ ઉ.વ.૬૧, મહુન્દ્રા
- સ્વ.નાયક કેશાભાઈ કરશનભાઈ ઉ.વ.૬૭, પેથાપુર
- સ્વ.આદિદ્રવિડ ડેવકીબેન રાજેન્દ્ર ઉ.વ.૫૨, સેકટર-૨૪
- સ્વ.તન્ના મંજુલાબેન પ્રવિણકુમાર ઉ.વ.૭૫, સેકટર-૭

# શહેરમાં ઠેરઠેર ખોદકામનો સિલસિલો યથાવત્



## શહેરમાં પાણી-ગટરની લાઈનો માટેના ખોદકામ શરૂ કરી દેવામાં આવતાં સ્થાનિકોને અવર-જવરમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે

ગાંધીનગર, તા. ૯

પાટનગરમાં પાણી અને ગટરની લાઈનો માટેના ખોદકામ ચાલી રહ્યા છે. જેમાં ગટરનું ૫૦૦ કી.મી.નું નેટવર્ક કરવાનું છે. તાજેતરમાં ઘણા સેકટરોમાં અવર-જવર માટેના માર્ગો બંધ કરી દેવાયા છે. જેના કારણે સ્થાનિકોમાં હાલાકી પડી રહી છે.

શહેરમાં વિકાસના કાર્યો વેગીલા બન્યા છે પરંતુ સ્થાનિકોને પરેશાનીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. સેકટર-૨૨માં અને સેકટર-૭માં તાજેતરમાં ખોદકામની લાઈનો લાગી છે.

ગાંધીનગરમાં વરસાદી માહોલમાં ઠેર ઠેર ખાડારાજ બનવા પામ્યુ છે. જેની કોઈ પુરાણાની કામગીરી ન થવાના કારણે શહેરીજનોમાં હાલાકી ઉભી થઈ છે. તાજેતરમાં માર્ગો પર ડામર ઉખડી ગયા હોવાના સાથે ખાડા પડી ગયા છે. જેમાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાટનગરમાં જાહેર માર્ગો પર ટુ-વ્હીલર અને ફોર વ્હીલર ચાલકોને ખાડાઓમાંથી પસાર થવાની જાણે દર વર્ષે પરંપરા હોય તેમ આ પરંપરા ચાલતી જ રહે છે. વરસાદ બાદ માર્ગો ધસાઈ રહ્યા છે. માર્ગોનું ધોવાણ થઈ રહ્યુ છે. ધૂળની ડમરીઓ અને કાંકરીઓ ઉડી રહી છે. અઢળક ટેક્સ ભરવા છતાં પણ જનતાને યોગ્ય માર્ગોની સવલત નથી મળી રહી. જાહેર માર્ગો ખાડામય બની ગયા છે ત્યારે જનતાને પાયાની સુવિધાઓ પાછળ જે સવલત મળવી જોઈએ તે મળી રહેતી નથી તેથી જેઓ ખોબલે ને ખોબલે વોટ આપતા રહ્યા છે તેઓ પણ આ વખતે વિચારતા થયા છે. કારણ કે છેલ્લા ઘણા વર્ષોથી પાટનગરમાં માર્ગોની હાલત ખાડારાજમય બનેલી છે. નવીન માર્ગો પણ વરસાદ પડ્યા બાદ ધોવાઈ જાય છે અને આ વર્ષે તો પરિસ્થિતિ કંઈક અલગ જ છે. ભૂવાઓએ રેકોર્ડ તોડ્યો છે. એ પણ આખે આખી ગાડી સમાઈ જાય તેવા મોટા ભૂવાઓ આ વર્ષે જોવા મળ્યા હતા.